| Innovation ID | DTP0010000002687 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** કોથમીરની પૂરક આવક મળી.

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** lok (૨) ૧ jan–feb–૧૯૯૭

**Brief**

પૂરક આવક ઉત્પાદન માટે કપાસ (Gossypium herbaceum) ની સાથે ધાણા, કોથમીર (Coriandrum sativum) નો મિશ્ર પાક તરીકે ઉપયોગ કરવો.

**Detail**

આજકાલ મિશ્રપાકનું ખેતીમાં મહત્વ વધતું જાય છે. તેનું મુખ્ય કારણ એ છે કે, મુખ્ય પાક ઉપરાંત વધારાની પૂરક આવક મેળવી વધુ નફો મેળવી શકાય છે.

રાજકોટ જિલ્લાના મધરવાડા ગામના શ્રી લક્ષ્મણભાઈ ટોપિયાએ કપાસની વાવણી પૂર્વે ધાણાનું બીજ છાંટી પૂરક આવક મેળવી છે. ખેડૂતના જણાવ્યા મુજબ જૂન ૯૫માં વરસાદ આવ્યાના સાત થી આઠ દિવસ પહેલાં ધાણાના ૨૦ કિલો બીજનો છંટકાવ કરી, ખેડ કરી. વાવણીલાયક વરસાદ થતાં દંતાળથી ચાસ ઉઘાડી ૨.૫ x ૫ ફૂટના અંતરે સંકર કપાસનું ચોપીને વાવેતર ક્યુ. વરસાદ સારો થતાં ધાણા ઉગી નીકળ્યા. જેનું લીલી કોથમીર તરીકે ઊધડું વેચાણ રૂ. ૯૭૫૧– માં કર્યુ. ધાણાના (Coriandrum sativum) બીજનો ખર્ચ માત્ર રૂ. ૪૭૦ થયો હતો.

મુખ્ય પાકમાં કપાસનું ૮૦ મણનું ઉત્પાદન અર્થાત્ રૂ. ૩૫૮૦૦ આવક થઈ. જેનો રૂ. ૫૦૦૦– ખર્ચ બાદ કરતાં રૂ. ૩૦૮૦૦ ની ચોખ્ખી આવક થઈ હતી.

ખેડૂતના મતે, પૂરક આવક મોસમની શરૂઆતમાં મળવાથી ખાતર, પિયત તથા ખેતીના અન્ય સાધનો ખરીદવા આ નાણાં ખૂબ જ ઉપયોગી બની રહે છે.

(ડૉ. એસ કે દવે જણાવે છે કે, કોથમીર સામાન્ય રીતે શિયાળું પાક છે. પરંતુ ઓછા વરસાદવાળા વિસ્તારમાં ઉનાળામાં કે ચોમાસામાં બીજા પાકો સાથે આંતરપાક તરીકે ઉગાડી શકાય.

ડૉ. પી.પી. ઉંઘરેજાના જણાવ્યા મુજબઃ મધ્યમ કાળી અથવા ભારે પ્રતવાળી જમીનમાં ઉધઈનો ઉપદ્રવ ઓછો હોય, તેવી જમીનમાં આ પદ્ધતિથી ખેડૂત સારી આવક અને ઉત્પાદન મેળવી શકે છે.)

(નોંધ – આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૧૯–૭–૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)

આજથી પાંચ વર્ષથી આ પદ્ધતિ અપનાવતા હતા. પહેલાં છોકરા છોકરી હતા ત્યારે ઘરમાં માણસો હતા તે વખતે આવી રીતે ખેતી કરતા હતા. હાલમાં છોકરા નોકરી કરે અને છોકરીના લગ્ન થઇ ગયેલ હોવાથી આ ખેતીમાં મહેનત કરવામાં તકલીફ પડતાં આ પદ્ધતિ અપનાવતા નથી અને ગામમાં પણ આ રીતે પહેલા કરતા હાલમાં કરતા નથી. માત્ર કપાસની ખેતી કરતા પૂરક ખેતી કરતા નથી.

આ પદ્ધતિનો વિચાર કેવી રીતે આવ્યો – આ પદ્ધતિમાં જ્યારે કપાસ કરતા ત્યારે બન્ને ચાસ વચ્ચે જગ્યા રહેતી હતી ત્યારે દ ારમાં માણસો (છોકરા–છોકરી) હતા અને મહેનત કરતા હતા. તે વખતે આ કોથમીર એ એક કે દોઢ માસનો પાક હતો. તેથી તે કપાસનો વિકાસ થવાને સમયે આ કોથમીર નિકળી જતા હતા. તેથી આ સમયે આ કોથમીરના દલવલો આવતા હાથમાં આવા દલ્લો (દલાલ)આવતા નથી. તેથી આ પૂક પદ્ધતિ ગામમાં કોઈ પણ વ્યક્તિ કરતા નથી. માત્ર કપાસ કરે છે જેમાં પૂરક પદ્ધતિ અપનાવતા નથી.

**Method of Use**

**Caution**

જો આવી ખેતી અપનાવવાથી કપાસમાં કરબ ચાલી ન હોવાથી ખડને કંટ્રોલમાં લાવવા માટે મજુરો કરવા પડે તેથી ખર્ચ વધી જાય છે તેથી આ પદ્ધતિ અપનાવતા નથી.

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** કોથમીર, Coriandrum sativum, પૂરક, આવક, કોથમીર, ધાણા, રાજકોટ

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૧ Member Type Innovator

First Name લક્ષ્મણભાઈ Middle Name બાવાભાઈ Last Name ટોપીયા

Profession ખેતી Designation ખેડૂત

Address 1

Village મુ. મધરવાડા Taluka રાજકોટ

District Rajkot State Gujarat Country India

Biography

ખેડૂતનો પરિચય:
ખેડૂતની ઉંમર ૬૦ વર્ષની છે. તેઓ ૮ ધોરણ પાસ છે. તેમના પત્ની લાભુબહેન લક્ષ્મણભાઈ તેમની ઉંમર ૫૮ વર્ષની છે. તેઓ અભણ છે. તેઓ ખેતી કરે છે. બે ભાઈ ભેગા  રહીને ખેતી કરીએ છીએ અને તેઓને સંતાનમાં ૩ છોકરી છે. અને ૧ છોકરો છે. છોકરીના લગ્ન થઈને સાસરે રહે છે. છોકરાના લગ્ન બાકી છે. વસંતકુમાર લક્ષ્મણભાઈ ટોળીયા ૩૨ વર્ષના છે. હાલમાં રાજકોટ કારખાનામાં મેનેજર તરીકે છે. એસ. કે ઘડિયા બની ફેક્ટરીમાં મેનેજર તરીકે કામ કરે છે. તેઓ મહિને ૧૦,૦૦૦નો પગાર ધરાવે છે. તેઓને માતા છે. ખેતીમાં રસ છે. ગામના સરપંચ છે. તેની ગામમાં કંઈકને કંઈક નવું કરવામાં તમન્ના છે. ગામમાં વહીજતા પાણીને ગોકળ ગામ યોજનામાં આડબંધ તથા તલાવડી બાંધીને રોકવાનો પ્રયાસ કરેલ છે. આકાશવાણીમાં ચર્ચા મંડળના સંયોજક તરીકે રાજકોટ કેન્દ્ર પર પણ હાલમાં જાય છે. તેઓ જમીનમાં ૪ એકર જમીન છે. બન્ને ભાઈઓ સાથે રહીને ખેતી કરે ચે. તેઓ પાકમાં કપાસ, મગફળી, ઘઉં, ડુંગળી, બીજ ઉત્પાનનું કામ કરે છે. પિયતની સુવિધા છે. બે સર્વેનંબર છે. ૧૨ કલાક જેટલું પાણી બોરકૂવામાં તેથી ખેતી કરે છે. પશુઓમાં બેંસો, ૨ બળદછે. આવકમાં ખેતીમાંથી અને છોકરાની નોકરીમાંથી આવક થાય છે. તેમની પાસે પશુઓમાં ૨ ભેંસો, ૨ બળદ છે. આવક ખેતીમાંથી અને છોકરાની નોકરીમાંથી થાય છે. આ ખેડૂત મહેનતુ છે. કંઈકઈ કરીને આવક મેળવે છે.
હાલમાં ઉપ સરપંચ તરીકે ફરજ બજાવે છે. આકાશવાળી ખેડૂત ચર્ચા મંડળના સંયોજક તરીકે રાજકોટ ખાતે ફરજ બજાવે છે. બન્ને પતિ-પત્નિ સરપંચ તથા ઉપસરપંચ તરીકે ફરજ બજાવે છે.

ગામનો પરિચય:
ગામની વસ્તી ૧૮૦૦થી ૨૦૦૦ની વસ્તી છે. ગામમાં જૂથ સેવા સહકારી મંડળી, મદારવાડા છે. મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, મઘરવાડા છે. પંચાયત ગામમાં છે. પોતે ખેડૂત સરપંચ છે. ગામમાં પંચાયત મોરો છે. બસ સ્ટેન્ડ પણ છે. આંગણવાડીનું મકાન છે. ગામમાં પ્રાથમિક શાળા ૧થી ૭ ધોરણ સુધીની છે. ગામમાં મચ્છુ ૧ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણીની પાઈપ ૨ કિલોમીટર પરથી ગામમાં આવે છે. ગામમાં ટાંકો બનાવેલ છે. તેના દ્વારા નળ દ્વારા પીવાનું પાણી ટાંકા પાસે લોકો ભરીને લઈ જાય છે. ગામમાં સ્વજલધારા યોજનાની કામગીરી દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડવાનું કામ હાલના તબક્કે ચાલે છે. ગામના પાદરે હવાડા ૨ બનાવેલા છે. જેમાંથી ડોરને પાણી પીવાનું પુરું પાડવામાં આવે છે. ગામમાં તળાવ નાનું છે. સારો વરસાદ હોય ત્યારે ખેડૂતો તળાવમાંથી સિંચાયમાં પાણીનો ઉપયોગ કરે છે. જે ખેડૂતના ખેતરો નજીક છે. તેમના આ લાભ મળે છે. ગામના સિમાડે મચ્છુ નદી છે. ગામમાં વૃક્ષો, લીમડા, નીલગીરી, બાવળ, ગાંડા બાવળ, આંબા, લીંબુ જેવા ઝાડ આવેલા છે. જમીન કાળી ભુરી ગોરાડુ છે. ગામમાં લેવા પટેલ લોકોની વસ્તી વધારે છે. કોળી પટેલના ૮૦ ઘર, ભરવાડના ૬ ઘર, હરિજનના ૫૦ ઘર, વાઘરીના ૩૦ ઘર, બાવાજીના ૩ ઘર, બ્રાહ્મણના ૨ ઘર, કુંભારનું ૧ ઘર છે. આટલી જાતિના લોકો વસે છે. ગામમાં ભરવાડ, વાઘરી, બાવાજીના ઘર નળીયાવાળા પાકા મકાન છે. બીજા લોકોના પાકા ધાબા વાળા મકાન છે. ગામમાં આવકના સાધનો ટ્રેક્ટર ૬ છે. છગડા-૧૦ છે. મેટાડોર - ૨ છે. આ ગામમાં ખેતીમાંથી ખેડૂતો મહેનત કરીને કપાસમાંથી આવક વધારે મેળવે છે. ગામમાં થોડા લોકો પ્રાઈવેટ નોકરી કરીનુ` આવક મેળવે છે. ગામમાં મુખ્ય પાક મગફળી કરાય છે. શિયાળુ ઘઉ, જીરૂનો પાક મેળવે છે. ગામથી તાલુકાનું અને જિલ્લાનું અંતર ૧૧ કિમી છે.
આ ગામમાંથી કુવાકવા એટલે કે ૧૨ કિમી સુધી ખાનગી વાહનમાં જવુ પડે છે. અને ત્યાંથી હાઈવે રોડ છે તેથી બસ વ્યવહાર ચાલે છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૨ Member Type Scout

First Name એમ. Middle Name જે. Last Name વસાવડા

Profession Designation

Address 1 જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ

Village રાજકોટ Taluka

District Rajkot State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ Member Type Verifier

First Name નરેન્દ્રભાઈ Middle Name અર્જેસિંહ Last Name (રાઠવા) ચૌહાણ

Profession Designation

Address 1

Village મું. લીમડીયા, પો. કંજેટા Taluka ધાનપુર

District Dahod State Gujarat Country India

Biography